આરબીઆઈ/2005/282

ડી બી ઓ ડી. બી પી. બી સી. નં.56/ 21.01.001/ 2005-06

23 જાન્યુઆરી, 2006

પ્રતિ,
તમામ કર્મશિયલ બેન્કસના ચેરમેનશ્રી/સી ઇ ઓશ્રી
(આર બી બી સિવાય)

સાહેબશ્રી

**`ખાતામાં જમા થતા' ચેકનું ઉઘરાણું - થર્ડ પાર્ટી ખાતામાં જમા વ્યવહાર પર રોકડ.**

તમામ બેંકોને જાણ છે કે એકાઉન્ય પેયી ચેક પેયી કોન્સ્ટીટ્યૂઅન્ટ' પાસેથી જ મેળવવાનો હોય છે. આથી જે એકાઉન્ટ પેયી ચેક્સ બેંકના નામે ડ્રો કરવામાં આવ્યા હોય તે ચેક્સ બેંકોએ ચેકમાં લખાયેલ નામના ખાતામાં જ જમા કરવા. (પરિપત્ર તા. 9 સપ્ટેમ્બર, 1992 - ડી બી ઓ ડી નં. બી સી. 23/21.01.001/92) જો કોઈ બેંક મેન્ડેટ વગર `AC/Payee ચેક' બીજા કોઈના ખાતામાં જમા કરશે તો આવા વ્યવહાર માટે તે બેંક પોતે જ જવાબદાર ગણાશે.

2. આરબીઆઈને હાલમાં સેબી તરફથી ફરિયાદ મળી છે કે આઈ પી ઓ પ્રોસેસનો દુરુપયોગ અમુક વ્યક્તિઓ/ સંસ્થાઓ કરી રહી છે. આરબીઆઈ એ આ વાતની વાસ્તવિક્તા જાણવા ગહન અભ્યાસ કર્યો છે. આ અભ્યાસથી જાણવા મળ્યું છે કે ઉપર મુજબની સૂચના આપ્યા છતાં બેંકોએ અમુક વ્યક્તિગત ખાતાના Account Payee રિફંડ ઓર્ડર તેમના ખાતામાં જમા કરવાના બદલે બ્રોકર્સના ખાતામાં જમા કરેલ ા છે. આવું તેઓએ ડી પી આપાનાયના સહાયકોની વિનંતી પર કર્યું છે. આવા વ્યવહારને કારણે બેંકના પેમેન્ટ સહાયકોની વિનંતી પર કર્યું છે. આવા વ્યવહારને બદલે બેંકના પેમેન્ટ સિસ્ટમમાં ખામી સર્જાય છે તથા ગેરરીતિ પ્રસરવાની શક્યતા ઊભી થાય છે. જો બેંક ચેક સ્વીકારવાની/ જમા કરવાની કથિત પદ્ધતિને વળગી રહે તો આવા કિસ્સાઓ ન બને. આવું કરવાથી બેંકને જોખમમાં વધારો થાય છે.

3. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળ તથા ગેરકાયદેસર ચેકની બેંક દ્વારા ઉઘરાણી, પેમેન્ટ સિસ્ટમની ગરિમા જાળવવા માટે, કથિત પદ્ધતિ મુજબ જ કાર્યવાહી થાય તે માટે આરબીઆઈ `Account Payee' ચેકમાં લખાયેલ નામ સિવાય કોઈપણ અન્યના ખાતામાં તે ચેક જમા કરવાની સદંતર મનાઈ ફરમાવે છે. તથા તમામ બેન્કોને તાકીદ કરે છે કે આવા કોઈ જ પેમેન્ટ જો જેના નામે ચેક હોય તેના ખાતામાં જમા ન કરાવવાના હોય તો આવા ચેક ના સ્વીકારે.

4. જો કોઈ ઉત્પાદકર્તા/ ચેક આપનાર વ્યક્તિ `Account Payee' ખાતાને ચેકમાં આપેલ નામ સિવાય જમા કરવાની અરજ કરે તો તે `Account Payee' નામ સિવાય જમા કરવાની અરજ કરે તો તે `Account Payee' ચેકના સિદ્ધાંતથી વિરુદ્ધ હોય, ચેક જે ખાતેદારના નામે હોય તેની મેન્ડેટ રજૂ કરવી જરૂરી છે. આ સૂચનો એક બેંકથી બીજી બેંકની વચ્ચેના વ્યવહારોમાં પણ લાગુ પડશે. ઉપરોક્ત પ્રમાણે આરબીઆઈ નો તા. 9 સપ્ટેમ્બર,1992નો પરિપત્ર ડી બી ઓ ડી.નં.બી સી.23/21.01.001/92 સુધાર સાથે વાંચવો.

5. ઉપરોક્ત સૂચનો બેંકિંગ રેગ્યુલેશન કાયદા-1949ની કલમ 35એમાં આપેલ હક્કો પ્રમાણે છે.

આપનો વિશ્વાસુ

(આનંદ સિંહા)
એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર